<u>**ક્રિમીનલ કેસ નં. ૪૬૪૧/૨૦૨૪.**</u>

<u>**આંક – ૦૧ લગત હુકમ.**</u>

(૧) હાલના કામના **આરોપી શાંતાબેન મનોજભાઈ બારીયા, રહે. ચાકલીયા રોડ, સિંગલ ફળિયા, તા.જી.દાહોદવાળા** વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ની **કલમ–૬૫ એએ** હેઠળની ફરીયાદ કરવામાં આવેલ અને તે મુજબના ગુનાનું પોલીસ ધ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપી સ્વેચ્છાએ કબુલાત આપવાનું કહેતા હોય, તેમને તે બાબતની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છિક તથા કોઈપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વીકારી. આજરોજ આરોપીની **આંક–૦૬ થી પ્લી** રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) **આંક–૦૪ થી આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી** જાહેર કરે છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે અને ભુતકાળમાં કોઈ ગુનો કરેલ નથી અને રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળે તે હેતુથી કબુલાત આપે છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છિક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવું કૃત્ય નહી કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

આમ, હાલના કેસમાં કોર્ટ ધ્વારા ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર. ૭૦૯ ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસિંહ હરચંદજી ઠકોરનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીઓના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

આ કામના **આરોપી શાંતાબેન મનોજભાઈ બારીયા, રહે. ચાકલીયા રોડ, સિંગલ ફળિયા, તા.જી.દાહોદવાળાને** ફોજદારી કાર્યરીતિ સંહીતા, ૧૯૭૩ની કલમ–૨૪૧ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ની કલમ–૬૫એએ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ. ૧૦૦/– (અંકે રૂપિયા એકસો) પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અપીલ સમય વિત્યા બાદ કબજે કરેલ પ્રોહીબીશન મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવો.

જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા ૧૪ મી, માહે ડિસેમ્બર, સને ૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:– ૧૪/૧૨/૨૦૨૪
દાહોદ.

ઈ/ચા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, દાહોદ